# ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી

## ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ ૧૭ વિરૂદ્ધ ૧૧ મતે ચૂંટાઈ આવ્યા

ઈડર (બ્યુરો ઓફીસ) તા.૧૭
ઈડર તાલુકા પંચાયત ના પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે બુધવારે બપોરે ઈડર તાલુકા પંચાયતના સભા હોલ માં પ્રાંત અધિકારી ની ઉપસ્થિતિ માં ચૂંટણી યોજાઈ હતી,જેમાં ભાજપે મેન્ડેડ આપી દરામલી બેઠક ના વણકર અને ઉપ પ્રમુખ તરીકે મહિપાલસિંહ રાઠોડ ઉમેદવારી નોંધાવતા નોંધાવતા ચૂંટણી અધિકારી એ હાથ ઊંચા કરી બહુમતી થી ભાજપ ના પ્રમુખ તરીકે વર્ષાબેન વણકર ના ૧૧ વિરુદ્ધ ૧૭ મતે અને ઉપપ્રમુખ માટે પણ બે ઉમેદવાર હોવાથી ૧૧ વિરુદ્ધ ૧૭ સદસ્યો

### ઇડર તાલુકા પંચાયતના પાંચ હોદેદારોની નિયુક્તિ કરાઈ

ભાજપ દ્વારા આગામી સભા મળે તે આગાઉ પ્રમુખ-ઉપ પ્રમુખ, કારોબારી અધ્યક્ષ,પક્ષના નેતા અને દંડક ને ચુંટી કાઢવા માટે જિલ્લા ભાજપ ના પ્રમુખ જે.ડી.પટેલ ધ્વરા વહીપ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ-ઉપપ્રમુખની આજે ચૂંટાઈ આવ્યા હતા.
પ્રમુખ : હર્ષાબેન શામળભાઈ વણકર
ઉપ પ્રમુખ : કાંતિભાઈ પિતામ્બર ભાઈ પટેલ
કારીબારી અધ્યક્ષ :દક્ષાબેન પટેલ,
પક્ષના નેતા :નવનીતભાઈ રામજીભાઈ પટેલ
દંડક : અમીબેન પ્રતાપજી રાઠોડ

હર્ષાબેન વણકર અને ઉપ પ્રમુખ દેશોત્તર બેઠકના કાંતિભાઈ પટેલ ને મેદાને ઉતાર્યા હતા.જ્યારે કોંગ્રેસ પક્ષ ના પ્રમુખ તરીકે સવિતાબેન હાથ ઊંચો કરતા પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે ભાજપના મેન્ડેડ પ્રમાણે ચૂંટાયા હતા. કોંગ્રેસ પાર્ટીના ૧૧ સદસ્યો હોવા છતાં પ્રમુખ-ઉપ પ્રમુખ ના ઉમેદવાર નો ફરી એક વખત ભૂંડી દશા થવા પામી



હતી.જ્યારે પ્રમુખ-ઉપ પ્રમુખ ચુંટાઈ આવતા ભાજપના કાર્યકરોએ વિજયનો શંખનાદ સાથે ફટાકડા ની આતશબાજી કરી હતી.ઈડર તાલુકાપંચાયતના પ્રમુખ તરીકે હર્ષાબેન વણકર એ તાલુકાના સર્વાંગી વિકાસ સાથે કામો કરવા ની ખેવના વ્યક્ત કરી હતી.ઈડર તાલુકા પંચાયત માં ૨૮ બેઠકો પૈકી ૧૭ બેઠકો પર વિજય મેરવી તાલુકા પંચાયત પર કબજો મેરવ્યો હતો.આજે તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખ ની ચૂંટણી ને લઈ ને તાલુકા પંચાયત કચેરી ખાતે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.ભાજપ દ્વારા તમામ ૧૭ સદસ્યો ની વહીપ જાહેર કરવામાં આવ્યો હતો ,ગઈ કાલે પ્રમુખ -ઉપ પ્રમુખ ના ફોર્મ ભરાયા તે સમયે જ નક્કી થયું હતું, કે ભાજપના બંને ઉમેદવારો પ્રમુખ,ઉપ પ્રમુખ ચુંટાઈ આવશે છતાં પણ કોંગ્રેસ ના સદસ્યોએ પણ ઉમેદવારી નોંધાવતા આજે ચૂંટણી અધિકારીએ હાથ ઊંચા કરાવી ભાજપના બંને ઉમેદવારો ને વિજેતા જાહેર કર્યા હતા. ઈડર તાલુકા પંચાયત માં ભાજપે જ્ઞાતિ અને સમાજ પ્રમાણે દરેક સમાજને યોગ્ય ન્યાય આપતા દરેક સમાજને ન્યાય આપી હોદેદારો ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

# આત્મનિર્ભર ક્યારે : અરવલ્લી જિલ્લાના ૧૨૫ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં

## સરકારી યોજનાઓનું અમલીકરણ કરવામાં પડતી હાલાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭
અરવલ્લી જિલ્લામાં ૧૨૫ આંગણવાડી કેન્દ્રો પાસે પોતાના મકાનો ન હોવાથી ભાડાના મકાનમાં કામગીરી ચલાવાઈ રહી છે. વર્ષો પછી પણ આંગણવાડી કેન્દ્રો માટે સરકારે જમીન નિમ કરી ન હોય કે પછી અન્ય કોઈપણ કારણોસર ચાલતા ભાડાના આંગણવાડી કેન્દ્રોમાં હવે સરકારી યોજનાઓના અમલીકરણમાં પણ હાલાકી ઉભી થઈ છે.

સરકાર દ્વારા સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી માતાઓ માટેની કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અને રાજ્ય સરકાર પુરસ્કૃત ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટેની પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણની પૂર્ણ યોજના આંગણવાડી કેન્દ્રો દ્વારા અમલમાં મૂકવાનું નક્કી કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાની ૧૪૫૦ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૨૫ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો જ ન હોવાથી કામગીરીમાં હાલાકી પડી રહી છે. છેલ્લા ઘણા સમયથી આ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલી રહ્યાં છે. સરકાર આંગણવાડી કેન્દ્રોના મકાનો બનાવવા માટે ગ્રાન્ટ પણ ફાળવણી હોય છે પરંતુ જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં જમીનનો પ્રશ્ન નડી રહ્યો છે. જે આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે તેને પોતાના મકાનો માટે હજુ સુધી જમીન ફાળવવામાં ન આવી હોવાની વિગતો સામે આવી છે. જમીન મળે વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામની કામગીરી કરી આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ થાય તો બાળકોને પોષણક્ષમ આહાર આપવાની કામગીરીમાં વધુ સુધારો થઈ શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૮ થી રાષ્ટ્રીય પોષણ અભિયાન પણ આંગણવાડી કેન્દ્રો મારફતે ચલાવવામાં આવે છે ત્યારે ૧૨૫ આંગણવાડી કેન્દ્રો પાસે પોતાનાં મકાન ન હોવાથી સરકારી યોજનાઓના અમલીકરણમાં ૧૦૦ ટકાનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં અનેક અડચણો આવી રહી છે.

**માનવતા મહેંકી**

# ઉજળેશ્વર હાઈસ્કુલના સંચાલકે ભભૂકેલી આગમાં તબાહ થયેલા વિદ્યાર્થીઓના પરિવારને સહાય કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭
ધનસુરા તાલુકાની આદર્શ વિદ્યા વિહાર-ઉજળેશ્વરના સંચાલકોએ ગત વર્ષે બાયડ તાલુકાના અલવા-ફતેપુરામાં શોર્ટ સર્કીટથી આગ લાગતાં મકાનો ભસ્મિભૂત થયા હતા તેવા પરિવારોના શાળામાં ભણતા ૪ વિદ્યાર્થીઓને સહાય કરી માનવતા દેખાડી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ડિસેમ્બર-૨૦૨૦માં બાયડ તાલુકાના અલવા ગામમાં શોર્ટ સર્કીટના કારણે બક્ષીપંચ પરિવારના મકાનો આગની લપેટમાં આવ્યા હતા અનો તમામ ઘરવખરી સહિત બચાવેલી મૂડી પણ આગમાં હોમાઈ જતાં કેટલાક સેવાભાવિ લોકો દ્વારા તેમનો સહાય આપવામાં આવી હતી. ઉજળેશ્વર હાઈસ્કુલના સંચાલક એમ.કે.મિરઝા, ડાયરેકટર સાજીદ મિરઝા વગેરેએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મકાનો આગમાં હોમાતાં તેવા પરિવાર માટે સંવેદના દર્શાવી ૪ વિદ્યાર્થીઓને પોતાની યથાશક્તિ પ્રમાણે ચેકથી સહાય આપતાં જિલ્લાના કેળવણીકારોએ મિરઝા પરિવારની ભાવનાને બિરદાવી છે.

# બાયડ તાલુકા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ

## કારોબારી અધ્યક્ષ તરીકે શિલ્પાબેન પટેલની નિયુક્તિ, આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭
બાયડ તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયા પછી તા.૧૭ના રોજ પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે અનૌપચારીક ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપે મેન્ડેટ આપેલ મંજુલાબેન નવનીતસિંહ સોલંકી પ્રમુખ અને અરવિંદસિંહ કેશાજી ઝાલા ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. જ્યારે રડોદરા તાલુકા પંચાયત બેઠક ઉપરથી ચૂંટાયેલાં શિલ્પાબેન કમલેશકુમાર પટેલની બાયડ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરાતાં આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી જોવા મળી છે.



રાજકીય પ્રયોગ શાળા ગણાતા બાયડ તાલુકામાં મતદાન હોય કે પછી હોદ્દેદારોની નિયુક્તિ કરવાની હોય ત્યારે રાજકારણ ગરમાતું હોય છે. બાયડ તાલુકા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ભાજપે ૨૧ બેઠકો ઉપર વિજય મેળવી ઈતિહાસ રચ્યો હતો. ભાજપનો તાલુકા પંચાયત ઉપર ભગવો લહેરાતાં સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, એડવોકેટ અદેસિંહ ચૌહાણ, મયૂર પટેલ, મફતલાલ પટેલ(ચોઈલા), કેતન બારોટ(બોરોલ), મહેશભાઈ પટેલ(ડેમાઈ) સહિત ભાજપના આગેવાનો તેમજ સંગઠનના અન્ય પદાધિકારીઓને જિલ્લા સંગઠને અભિનંદન પાઠવ્યા હતા. તા.૧૭ માર્ચના રોજ બાયડ તાલુકા પંચાયત સભાખંડમાં પ્રમુખ-ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજાઈ હતી પરંતુ અન્ય કોઈ ઉમેદવારીપત્ર રજૂ ન થતાં બંન્ને ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા.

**અન્ય નિયુક્ત થયેલા હોદ્દેદારો..**
**પક્ષના નેતા : વિનુભાઈ કાળીદાસ સોલંકી**
**દંડક : પારૂલબેન અમૃતભાઈ પટેલ**

# પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે પ્રમુખ-ઉપપ્રમુખ બીન હરીફ ચૂંટાયા

પ્રાંતિજ તા.૧૭
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયત ખાતે તાલુકા પ્રમુખ ઉપપ્રમુખ ની ચુંટણી યોજાઈ હતી જેમા પ્રમુખ-ઉપપ્રમુખ માટે ના એક-એક ફોર્મ ભરાતા ચુંટણી અધિકારી ડી.કે.પટેલ દ્વારા પ્રમુખ તરીકે વર્ષાબેન દિલીપસિંહ મકવાણા તથા ઉપપ્રમુખ તરીકે કતુસિંહ પરબતસિંહ રાઠોડ ને બીન હરીફ જાહેર કર્યા હતા. પ્રાંતિજ ખાતે સ્થાનિક સ્વરાજ્ય ની ચુંટણી બાદ પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તા.૧૬-૩-૨૦૨૧ ના રોજ તાલુકા પંચાયત ના પ્રમુખ - ઉપપ્રમુખ માટે ની ચુંટણી માટે ના ફોર્મ ભરવામા આવ્યા હતા અને ૧૭-૩-૨૦૨૧ ના રોજ તાલુકા પંચાયત ના વિશાળ સભા ખંડ મા જિલ્લા ચુંટણી અધિકારી ડી.કે.પટેલ , પ્રાંતિજમામલતદાર એચ.પી.ભગોરા , તાલુકા વિકાસ અધિકારી નિતીનભાઈ પટેલ ની ઉપસ્થિત મા ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામા આવી હતી પરંતુ તાલુકા પ્રમુખ તથા ઉપપ્રમુખ માટે એક-એક ફોર્મ ભરાયા હતા જેને લઈ ને ઉપસ્થિત ચુંટણી અધિકારી ડી.કે.પટેલ દ્વારા પ્રમુખ તરીકે વર્ષાબેન દિલીપસિંહ મકવાણા તથા ઉપપ્રમુખ તરીકે કતુસિંહ પરબતસિંહ રાઠોડ ના નામ ની જાહેરાત કરી સત્તાવાર પ્રમુખ ઉપપ્રમુખ ની ઘોષણા કરી હતી.





મહેસાણા નગરપાલિકા પ્રમુખ તરીકે ભાજપના વર્ષાબેન એમ. પટેલ, ઉપપ્રમુખ તરીકે ભાજપના કાનજીભાઈ જે. દેસાઈ ચૂંટાઈ આવ્યા હતા. તે પ્રસંગની તસ્વીરમાં શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ પટેલ, ભાજપ સંગઠનના ડૉ. જે. એફ. ચૌધરી સહિત ભાજપની કોર્પોરેટરો, કાર્યકરો સામાજિક સંસ્થાઓએ સ્વાગત કર્યું હતું.

# નવાગામના પ્રા.શિક્ષકનો સગીર પુત્ર ગુમ : અપહરણની આશંકાથી પરિવાર ચિંતામાં

વિજયનગર, બાયડ તા.૧૭
વિજયનગર તાલુકાના નવાગામના શિક્ષક હીરાભાઈ કકવાજી અસારીનો ધો.૯માં અભ્યાસ કરતો સગીર પુત્ર રોશન ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં મૂકાયો છે. જ્યારે ગુમસુદાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ જતાં કોઈએ અપહરણ કર્યાની આશંકા સાથે વિજયનગર પોલીસને જાણ કરવામાં આવતાં ગુમ સગીરની શોધખોળ માટે અન્ય પોલીસ સ્ટેશનોને તેના ફોટા સહિતની વિગતો મોકલી આપવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના નવાગામના વતની અને ભાંખરા પ્રા.શાળામાં શિક્ષકની ફરજ બજાવતા હીરાભાઈ અસારીનો સગીર પુત્ર તા.૧૬ના રોજ ઘરેથી ગુમ થયો હતો. પરિવારે સગા-સબંધીઓ અને અન્ય જગ્યાએ તેની શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. જ્યારે ગુમ થયા પછી મોબાઈલ ફોન ઉપર તેનો સંપર્ક કરવા જતાં ફોન બંધ થઈ ગયો હોવાથી અનેક પ્રકારની અમંગળ આશંકાઓએ પરિવારને ચિંતામાં મૂકી દીધો છે. કોઈએ અંગત અદાવતમાં તેનું અપહરણ કર્યું છે કે પછી સગીર જાતે જ ક્યાંક પોતાની જાતે ચાલી ગયો છે..?? વગેરે સવાલો પોલીસ માટે તપાસનો વિષય બન્યા છે. બનાવ અંગે શિક્ષકે વિજયનગર પોલીસને જાણ કરતાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.



# ટ્રક સાથે ટક્કર પછી આગ : બાયડ તાલુકાના તેનપુરના યુવાનનું કાર સળગી જતાં મોત

## એક પછી એક કાર સળગવાના હાદસાથી તાલુકાની પ્રજા સ્તબ્ધ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭
દહેગામ તાલુકાના સોલંકીપુરા ગામના પાટીયા પાસે સ્વીફટકાર ટ્રક સાથે ટકરાયા પછી સળગી ઉઠતાં બાયડ તાલુકાના તેનપુરના દવાના વેપારીના પુત્ર કિશન રાજેશભાઈ પટેલનું મોત નિપજતાં તેનપુર પંથકમાં માતમ છવાયો છે. ગત તા.૨૮ ફેબ્રુઆરીએ દહેગામ નજીક જ કાર અને ટ્રકની ટક્કર પછી કારમાં આગ ભભૂકી ઉઠતાં બાયડના ડૉક્ટર દંપતિનું મોત નિપજયાની કરૂણાંતિકા ભૂલાઈ નથી ત્યાં વધુ એક હાદસાએ તાલુકાની પ્રજાને હચમચાવી દીધી છે.

સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર બાયડ-દહેગામ હાઈવે હવે ધ બર્નિંગ હાઈવે બનતો હોય તેવી દુર્ઘટનાઓ સર્જાઈ રહી છે. ગત મહિને સર્જાયેલા ગોજારા અકસ્માત પછી કાર સળગી ઉઠતાં બાયડના જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ.મયુરભાઈ શાહ અને તેમનાં પત્નિ ડૉ.પ્રેરણાબેન શાહ કારમાં ભળથું થઈ જતાં તેના આઘાતમાંથી બાયડની પ્રજા બહાર આવી નથી. ત્યારે તા.૧૭ના રોજ સ્વીફટકાર લઈને નિકળેલો તેનપુરનો કિશન પટેલ સોલંકીપુરા ગામના પાટીયા પાસેથી પસાર થતો હતો ત્યારે કાર અને ટ્રક વચ્ચે ટકરાવ થયા પછી કારમાં આગ ભભૂકી ઉઠી હતી. જે સમયે કાર એકાએક લૉક થઈ ગઈ હોય તેમ ચાલક કારની બહાર નિકળી શક્યો ન હતો અને આગની લપેટમાં ભડથું થઈ ગયો હતો. ફરી એકવાર બાયડ-દહેગામ રોડ ઉપર કાર સળગી જતાં દૂધમલ જેવા યુવાનનું મોત નિપજતાં તેનપુરમાં માતમ છવાયો છે. જ્યારે મૃતકનો તા.૧૮ માર્ચના રોજ જન્મ દિવસ હોવાનું પણ જાણવા મળ્યું છે.



# શહેરના હાર્દ સમાન મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી કેનાલમાં આશ્ચર્યજનક-અચરજ પમાડે એવું દબાણ

## વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં પોઢ્યુ હોય...! એવો ઘાટ સર્જાયો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૭
હિંમતનગર શહેરના હાર્દ સમા મોતીપુરા વિસ્તારમાં આવેલા બાયપાસ હાઈવે પાસેથી પસાર થતી કેનાલમાં આશ્ચર્યજનક - અચરજ પમાડે એવું દ્રશ્ય સર્જાવા પામ્યું છે શૈક્ષણિક સંકુલો , વ્યાપારી સંકુલો , સરકારી મિલકતો સહિત જાહેર માર્ગો ઉપર દબાણ થયા હોવાના કિસ્સાઓ રોજ-બ-રોજ અખબારોમાં પ્રસિદ્ધ થતા જોવા મળે છે ત્યારે હિંમતનગર શહેરમાં આશ્ચર્યજનક અચરજ પ્રમાણે એવું દબાણ શહેરની મધ્યમાં દ્રશ્યમાન થયું છે હિંમતનગર નગરપાલિકા , સિંચાઈ વ્યવસ્થા વિભાગ સહિત જિલ્લાનાં વહીવટી તંત્રને અમદાવાદ , શામળાજી , વિજાપુર , ઈડર બાયપાસ હાઈવે ને જોડતી શહેરની વરસાદી પાણીની કેનાલ વચ્ચે જગજાહેર કરાયેલું દબાણ નજરે ! પડતું નથી ! નઘરોળ વહીવટી તંત્રની ઘોર બેદરકારીના પગલે કેનાલમાં ખદબદતી ગંદકીનું સામ્રાજ્ય વ્યાપેલું જોવા મળી રહ્યું છે કેનાલમાં ખદબદતી ગંદકી ની નિયમિત સાફ સફાઈ તો દૂરની વાત છે પરંતુ કેનાલની વચ્ચોવચ ચાલતા આ ગેરેજ અંગે પણ તંત્ર સભાન નથી ત્યારે નગરપાલિકા તંત્રની કાર્યદક્ષતા ઉપર હજારો સણસણતા સવાલો ઉભા થયા છે.




હિંમતનગર શહેરના હાર્દસમા મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી વરસાદી કેનાલની આસપાસની જગ્યા દબાણકર્તાઓ માટે આશીર્વાદરૂપ બની હોય તેવો ઘાટ સર્જાયો છે વોર્ડ નં- ૬ મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી આ કેનાલની વચ્ચોવચ દબાણ કરીને શ્રીગણેશ કરાયા છે મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી કેનાલમાં 'માં કૃપા ટ્રેક્ટર ગેરેજ' ના શ્રી ગણેશ કરી દેવામાં આવ્યા છે અને આ કેનાલમાં માટીનો ઢગલો ખડકી દઈને કેનાલ ની વચ્ચો વચ્ચ 'માં કૃપા ટેકટર ગેરેજ' નું નિર્માણ કરવામાં આવ્યું છે હિંમતનગર નગરપાલિકાના હદ વિસ્તારમાં આવતી અને સિંચાઈ વિભાગની આ કેનાલમાં થી શહેરનું ગંદુ પાણી અને વરસાદી પાણીના નિકાલ થાય છે ત્યારે કેનાલની વચ્ચોવચ માટીનો ઢગલો ખડકી દઈને ઉભા કરવામાં આવેલા ગેરેજ ના કારણે કેનાલ માંથી પસાર થતા પાણીનો અવરોધ ઉભો થવા પામ્યો છે આ કેનાલમાં ગંદા પાણીનો ભરાવો થતા મચ્છરોનો ઉપદ્રવ થવાથી મચ્છર જન્ય કે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે ત્યારે નગરપાલિકા સહિત કાર્યપાલક ઈજનેર હિંમતનગર સિંચાઈ વિભાગ દ્વારા ગંદકીના સામ્રાજ્યની થી ખદબદતી કેનાલમાં કેનાલમાં નિયમિત પણે સાફ સફાઈ કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે તેમજ સિંચાઈ વિભાગ અને નગરપાલિકા દ્વારા કેનાલ ની આજુબાજુ દબાણો રોકતું આગોતરુ આયોજન કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતની ભયજનક પરિસ્થિતિ ઉદ્ભવી શકે છે

**કેનાલ વચ્ચે ..! ગેરેજ છે ? કે ગેરેજ વચ્ચે કેનાલ..! કેનાલમાં દબાણ..? કે ? દબાણમાં કેનાલ...!!**

# વડનગર હાટકેશ મંદિરે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી

શ્રી હાટકેશ્વર મહાદેવ સંસ્થાન વડનગર ખાતે મહાશિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી પ્રાતઃ આરતી - ધુપ - દીપથી કરવામાં આવી. ત્યારબાદ નગરના વિદ્વાનો બ્રાહ્મણો દ્વારા જલાભિષેકનો સંકલ્પ આપી સતત રુદ્રી પાઠનું પઠન કરવામાં આવ્યું હતું.



શ્રીજીની શોભાયાત્રા બપોરે ૪.૦૦ કલાકે પરંપરાગત રીતે કાઢવામાં આવી અને શ્રી યત્રેશ્વરી માતાજીના મંદિરે સ્વાગત પૂજન બાદ યાત્રા પરત ફરી હતી. શિવરાત્રીની રાત્રે નગરના વિદ્વાન પંડિત બ્રાહ્મણો દ્વારા અષ્ટપ્રદર મહાપૂજા યોજાઈ. સંસ્થાના પટાંગણમાં ગુજરાત સાહિત્ય નાટક અકાદમી તથા સંસ્થાના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયેલ. જેમાં નામી કલાકારો દ્વારા શિવ-મહિમા, જ્ઞાન, કલા, સંસ્કૃતિ તેમજ ભારતીય પરંપરાની વાર્તાઓ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

# દધાલિયા સ્ટેટના રાજવી વીરભદ્રસિંહ સીસોદીયાનું નિધન

## પાલખીયાત્રામાં રાજવી પરીવાર સહીત હજ્જારો લોકો જોડાયા,ગામ શોકાતુર

મોડાસા, તા. ૧૭
મોડાસા તાલુકાના દધાલિયા સ્ટેટના ઠાકોર સાહેબ સ્વ.વીરભદ્રસિંહ તખતસિંહ સીસોદીયાનું સોમવારના રોજ દુઃખદ નિધન થતા દધાલિયા પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. આજે ઠાકોર સાહેબની નીકળેલી પાલખી યાત્રા (અંતિમ યાત્રા)માં તેમના અંતિમ દર્શનાર્થે રાજવી પરિવારો, રાજકીય આગેવાનો અને દધાલિયા પંથકના હજારો લોકો જોડાયા હતા. દધાલિયા સ્ટેટના રાજવી પરિવારના ૬૭ વર્ષીય વીરભદ્રસિંહ તખતસિંહ સિસોદીયાનું સોમવારે આકસ્મીક નિધન થતા મંગળવારે સવારે દરબારગઢ ખાતેથી નીકળેલ પાલખીયાત્રા ગામના રાજમાર્ગો પરથી પસાર થતા ગામ શોકાતુર બન્યું હતું પાલખીયાત્રામાં ઠેર - ઠેર ફુલહાર અને અશ્રુભીંની આંખે સન્માનથી ઠાકોર સાહેબને વિદાય આપવા કહીં શકાય કે માનવ મહેરામણ ઉમટયો હતો. જેમાં રાજવી પરિવારના અગ્રણીઓ સહિત રાજકીય, સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા પાલખી યાત્રા બાદ અગ્નિ સંસ્કાર કરાયા હતા અને હજારો લોકોના હૃદયમાં વસતા ઠાકોર સાહેબનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો.




## જન્મદિને વધામણી



દેવશ્રી સચિનકુમાર દરજી
બાયડ

## અવસાન નોંધ...



નેત્રામલી,
ઈડર તાલુકાના નેત્રામલી ગામના રહેવાસી પટેલ ગોપાલભાઈ બેચરભાઈ નું તારીખ ૧૪/૩/૨૦૨૧ ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તારીખ ૨૦/૩/૨૦૨૧ ને શનિવારના રોજ નેત્રામલી પટેલ સમાજવાડી ખાતે રાખેલ છે.